સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વિશ્વમાં 'સૌથી શ્રેષ્ઠ' થઈ જવાની ઉતાવળ છે,
વાગે ડાકલાં, - જાહેરાતોનાં - ધૂણે ભૂતાવળ છે,
દૂતા-વડ 'હા-જી-હા'નાં ભૂતોની ડરાવે પ્રજાને -
ચાલે રથ પ્રસિદ્ધિનાં પૈડા પર, ધૂતાવળ છે...

હાઈકુ

છકો ને મકો -
તભો - મિયાં ફૂસકી,
આપે આનંદ...
(બાળ - વિશ્વને)

બંને લીંપેલા !
વર ની મા સિવાય -
વખાણે કોણ ?!
(એકમેકના ટેકેદાર)

ચિંતન

વિશ્વં સ્ફુરિત યત્ર ઈદં તરંગા ઈવ સાગરે ।
તત્ ત્વમેવ મન સંદેહઃ ચિન્મૂર્તે વિજયરો ભવ ॥

ઉપરોક્ત શ્લોક કૈવલ્ય ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે, સમુદ્રમાં તરંગની માફક જેમાં આ સંસાર ઉત્પન્ન થાય છે, તે તું જ છે, તેમાં શંકા નથી. હે ચિન્મય, તું જવરરહિત હો, સંતાપરહિત હો, એટલે કે સુખી થા.

સમુદ્રમાં તરંગો, લહેરો, મોજાં ઉત્પન્ન થયા કરે છે ને પાછાં તેમાં જ સમાઈ જાય છે, સમુદ્રથી એ જુદા નથી, એક જ છે. જેમા સમુદ્રમાં તરંગો ઉત્પન્ન થાય છે, તે જ રીતે પરબ્રહ્મ અને તું જુદા નથી. એ જ પરમ તત્ત્વ અંશરૂપે ભૂતમાત્રમાં આત્મતત્વ તરીકે રહેલું છે.

આત્માએ પરમતત્વ, પરબ્રહ્મનું જ, એમાંથી જ ઉત્પન્ન થયેલું અને એમાં જ સમાઈ જનારું સ્વરુપ છે. જેમ સમુદ્રનું મોજું સમુદ્રથી અલગ નથી તેવી રીતે જ.

સુવિચાર

- ખ્વાબોં કે ભરોસે ન છોડિયે હકીકત કો, યે મસલેં કોશિશોં સે હલ હુઆ કરતેં હે - **નદીમ શાહ**
- આ જગતમાં જે સૌથી મૂર્ખ હોય અને જે ઉત્તમ બુદ્ધિશાળી હોય તે બે માણસો જ સુખી થાય છે, વચલા પ્રકારના માણસો કલેશ જ ભોગવે છે - **સંસ્કૃત સુભાષિત**
- જે ગધેડો તમને ઘરને દરવાજે લઈ આવે તે પ્રવેશવાનું સાધન નહિ બની શકે - **એન્થની ડીમેલો**
- સૌથી વધુ ડર મને એ વાતનો લાગે છે કે હું ક્યાંક મારી વેદના માટે લાયક ન હોઉં તો - **દોસ્તોયેવ્સકી**
- સફળતા એટલે જે ગમે તે મળે. સુખ એટલે જે મળે તે ગમે - **સંત ડેનિયલ**
- લોકો જેને જ્ઞાની ગણતા એવા સોક્રેટિસ કહેતા 'હા હું જ્ઞાની છું, કારણ કે હું જાણું છું કે હું કંઈ જ નથી જાણતો' - **સોક્રેટિસ**
- આજનું ઔષધ : બહેડાંનો બારીક ભૂકો એક નાની ચમચી પાણી સાથે સવાર-બપોર-સાંજ લેવાથી શિયાળાની ખાંસીમાં તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

ન્યૂયોર્કનો મેયર લા ગાર્ડિયા ખૂબ જ ન્યાયપ્રિય મેયર તરીકે પ્રખ્યાત હતો. તેની પોતાની કોર્ટ તે રાખતો અને સામાજિક ગુનાઓના કેસ તેમાં પોતે ચલાવતો. એક દિવસ તેની કોર્ટમાં એક માણસને પકડી લાવ્યા જેની પર બ્રેડ ચોરીનો આરોપ હતો. આ બ્રેડ ચોરનારને મેયર શું સજા કરે છે તે સાંભળવા કોર્ટમાં ભીડ હતી. આરોપીને મેયરે પૂછ્યું, 'તે બ્રેડની ચોરી શું કામ કરી હતી ?' પેલા માણસે આંખમાં આંસુ સાથે કહ્યું, 'મારા બાળકો બે દિવસથી ભૂખ્યા હતા. એમની વેદના હું જોઈ ન શક્યો, માટે મેં બ્રેડ ચોરી' બ્રેડ ચોરને મેયરે કહ્યું, 'તને દસ ડોલરનો દંડ કરવામાં આવે છે.' દસ ડોલરનો દંડ કરનાર મેયરને ખબર હતી કે જો તેના પાસે ડોલર્સ હોત તો એ માણસ ચોરી જ ન કરી હોત. એટલે એમણે પોતે જ આ દસ ડોલર ભરી દીધા. કેસ સાંભળવા બેઠેલા લોકો અંદરોઅંદર વાતો કરતા મજાક મસ્તી કરતા બહાર નીકળવા લાગ્યા. ત્યારે મેયરે કહ્યું, 'આપ સૌ આ કેસ સાંભળવા આવનારને પણ હું દસ દસ ડૉલર દંડ કરું છું.' કોઈએ મેયરને દલીલ કરતાં પૂછ્યું, 'અમારો કોઈ વાંક ગુનો ?' મેયરે કહ્યું, 'તમે એક એવા સમાજમાં રહેવાનો ગુનો કરો છો જે સમાજમાં એક માણસને બ્રેડની ચોરી કરવી પડે છે.' સહુએ નીચે મોઢે સ્વીકાર્યું કે 'આપણે પણ ગુનેગાર છીએ' આવું જયાં જયાં હોય ત્યાં આપણે સૌ ગુનેગાર છીએ.

બાંગ્લાદેશ પાડોશી ધર્મ બજાવશે

તંત્રીસ્થાનેથી...

બંગબંધુના હુલામણા નામે જાણીતા બાંગ્લાદેશના જનક શેખ મુજીબુર રહેમાન કયારેય નહોતા ઈચ્છતા કે ભારતની મદદથી આઝાદ થયેલો દેશ ઈસ્લામિક રાષ્ટ્ર તરીકેની રૂઢિચુસ્ત ઓળખ ઊભી કરે. એમણે ભાષાના નામે લોક આંદોલન ઊભું કર્યું હતું. 'આમાર સોનાર બાંગ્લા'ની અહાલેક સાથે એક નવા દેશનો જન્મ થયો હતો. રવીન્દ્રનાથનું એ જ ગીત રાષ્ટ્રગીત તરીકે સ્વીકારાયું હતું. એક સારા પડોશી તરીકે સ્વાભાવિક રીતે જ ભારતને બાંગ્લાદેશ પાસેથી સંપૂર્ણ સહયોગની અપેક્ષા રહે, પરંતુ શેખ મુજીબની સત્તા ઊથલાવીને લશ્કરી શાસન આવ્યું ત્યારથી એની માઠી દશા બેઠી. પછી તો સત્તાની વારંવાર ફેરબદલી થતી રહી. વર્તમાન વડાપ્રધાન શેખ હસીના વચ્ચે ચૂંટાયાં, હાર્યા અને ફરી પાછાં ચૂંટાયાં છે. તેઓ એમના પ્રતાપી પિતાનો વારસો સાચવી રહ્યાં છે અને ભારત સાથે ઋણસ્વીકાર વૃત્તિ સાથે મીઠા સંબંધો રાખે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથેની તાજેતરની મુલાકાતમાં બેઉ દેશો વચ્ચે મહત્વના મુદ્દાઓ પર સાત એમઓયુ થયા છે. ત્રણ પ્રોજેક્ટોનું બેઉ નેતાઓએ સાથે મળીને ઉદ્ઘાટન કર્યું છે. જે મુદ્દાઓ પર કરાર થયા છે એમાં જળ સંસાધન, યુવા બાબતો, સંસ્કૃત, શિક્ષણ અને તટીય સુરક્ષાના મુદ્દા સામેલ છે. ભારત બાંગ્લાદેશ પાસેથી રાંધણ ગેસ આયાત કરશે અને એનું વિતરણ પૂર્વોત્તર રાજયોમાં કરાશે. બીજા પ્રોજેક્ટ્સમાં બાંગ્લાદેશના પાટનગર ઢાકા ખાતે વોકેશનલ ટ્રેનિંગ સેન્ટરની સ્થાપના તથા રામકૃષ્ણ મિશન કમ્પ્લેક્સ સામેલઓ છે. ભારત બાંગ્લાદેશના યુવાનોને તાલીમ આપી તૈયાર કરશે. બેઉ દેશો વચ્ચે સમુદ્રી સુરક્ષા, પરમાણું ઊર્જા અને વેપારક્ષેત્રે સંબંધો ઘનિષ્ઠ બન્યા છે. બેઉ દેશના વડાઓ માટે માથાના દુઃખાવા જેવા પ્રશ્નો હતા રોંહિગ્યા મુસલમાનોના પ્રત્યાર્પણની બાબત અને બે દેશોની સરહદે ઘૂસણખોરી અટકાવવા કાંટાળી વાડ ઊભી કરી ઘૂસણખોરી અટકાવવાની બાબત. આસામ સહિતનાં પૂર્વોત્તર રાજયો અને પશ્ચિમ બંગાળમાં બાંગ્લાદેશી ઘૂસણખોરો મોટી સંખ્યામાં ઘૂસી ગયા છે જે કેટલાંક રાજકીય પરિબળો માટે વોટબેંકની ગરજ સારી રહ્યા છે. ગૃહપ્રધાન અમિત શાહે વારંવાર સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ગેરકાયદેસર રીતે આ દેશમાં રહેતા એક પણ માણસને અહીં રહેવા દેવામાં આવશે નહીં. એમને હાંકી કાઢવા માટે નેશનલ રજિસ્ટર ઓફ સિટીઝન્સ બનાવાયું છે, તે બાંગ્લાદેશના નેતાઓ માટે શિરોવેદના બની રહ્યું છે. વર્ષોથી દેશ છોડી ભાગી આવેલા અને ભારતમાં ઠરીઠામ થઈ ગયેલા લોકોનાં ટોળેટોળાં બાંગ્લાદેશમાં પાછાં ધકેલાય તો સ્વાભાવિક રીતે જ ગરીબ દેશ માટે એમને વસાવવાનો પ્રશ્ન વિકટ જ બની રહે. પરંતુ ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી ઢંઢેરામાં આવાં ઘૂસણખોર તત્ત્વોને એમના દેશમાં પરત મોકલી દેવાનું ગાઈવગાડીને કહેવામાં આવ્યું છે. બાંગ્લાદેશની બીજી સમસ્યા છે મ્યાંમારથી ત્યાં આવીને વસી ગયેલા રોહિંગ્યા મુસલમાનો. આ દુખિયારા લોકોને મ્યાંમાર પરત તગેડી દેવાની બાંગ્લાદેશની મંશામાં ભારત સૂર પુરાવે એવી અપેક્ષા સાથે શેખ હસીનાએ એ પ્રશ્ન પણ છેડ્યો હતો. તીસ્તાથી લઈ ફેની સુધીની નદીઓના જળની વહેંચણી અને ગરીબ બાંગ્લાદેશને બધી રીતે મદદરુપ થવાની ભારતની તૈયારીની શેખ હસીના સહિત બધાએ કદર કરી છે. પરંતુ ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓને સ્વીકારવાનું હસીનાને ગમશે કે કેમ તે પ્રશ્ન જ છે.

બેંકની ભૂલને કારણે ચેક રીર્ટન થાય તો ગ્રાહક સુરક્ષા કાનૂન મુજબ બેન્ક સામે ફરીયાદ કરી શકાય છે

કાયદો અને કાનૂન
અશ્વિન ત્રિવેદી

કેટલીકવાર એવું બને છે કે ચેકમાં તમામ વિગતો બરાબર હોવા છતાં બેન્કની ભુલાના કારણે કે ટેકનિકલ કારણોના લીધે ચેક બાઉન્સ થાય તો બેન્ક ઉપર ''ગ્રાહક સુરક્ષા કાનુન'' અંતર્ગત બેન્ક ઉપર ફરીયાદ કરી વળતર મેળવી શકાય છે.

ચેક રીર્ટન અને બાઉન્સએ દિવાની અને ફોજદારી બન્ને પ્રકારનો અપરાધ છે. ચેક લખનાર પાસેથી પૈસા વસુલ કરવા તેના વિરૂધ્ધ દિવાની દાવો દાખલ કરી શકાય છે અને સજા અપાવવા માટે ફોજદારી કાર્યવાહી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮(અ) મુજબ ફરીયાદ કરી શકાય છે. જેમાં ત્રણ વર્ષની સજા તથા ચેકની રકમ જેટલો દંડ નામદાર કોર્ટ ફરમાવી શકે છે. ચેક રીર્ટનના કેસમાં કોર્ટમાં ગમે તે સ્ટેજે સમાધાન કરી શકાય છે. ચાલુ કેસમાં સમાધાન અંગે કોર્ટ ચેકની રકમના ૧૦ ટકા આરોપીને કોર્ટમાં ભરાવી શકે છે જે રકમ જીલ્લા કાનુની સેવા સત્તા મંડળને આપવામાં આવે છે. ચેક રીર્ટનમાં એક સાથે દિવાની અને ફોજદારી બન્ને પ્રકારના કેસો કરી શકાય છે.

દિવાની કેસમાં અદાલત વ્યાજ સહિત ચેકની રકમ ચુકવવાનો આદેશ કરી શકે છે જયારે ફોજદારી કેસમાં અદાલત ચેક લખનારને મહત્તમ બે વર્ષની સજાનો હુકમ કરી શકે છે અથવા ચેકની રકમ અગર તેનાથી ડબલ રકમનો દંડ પણ કરી શકે છે સજા અને દંડ બન્ને એકસાથે કરી શકે છે.

જયારે કોઈ ચેક રીર્ટન થાય અને તેના ઉપર કોર્ટમાં ફોજદારી ફરીયાદ કરવામાં આવે ત્યારે અદાલત દ્વારા ''કમ્પાઉન્ડીંગ ઓફ એફેન્સ'' નામની કાયદાકીય જોગવાઈના આધારે કોર્ટ બહાર સમાધાન કરવાની પરવાનગી આપી શકે છે કોર્ટમાં કેસ દાખલ થયા પછી ચાલુ કેસમાં કોઈપણ તબક્કે સમાધાન કરી શકાય છે.

ચેક બાઉન્સ થયો એ એક અપરાધ છે માટે પોલીસ આરોપીની ધરપકડ પણ કરી શકે છે કોર્ટ કેસ દાખલ કરતા તરત જ નોન બેલેબલ વોરંટ આરોપી સામે ઈસ્યુ કરી શકે છે અથવા બેલેબલ વોરંટ પણ કાઢી શકે છે પોલીસ ધરપકડ કરતા પહેલા મેજીસ્ટ્રેટની પૂર્વ મંજુરી કે આદેશ આવશ્યક છે.

જો અદાલતના આદેશ ઉપર કોર્ટમાં આરોપી હાજર ના રહે તો જ વોરંટ કાઢી શકે છે. આ સીવાય ચેક બાઉન્સનો ગુન્હો જામીન પાત્ર ગુન્હો છે. જો આરોપી ઉપર ચેક બાઉન્સના અનેક કેસો હોય તો છેતરપીંડીની ફરીયાદ પણ સીધી પોલીસ સ્ટેશન અગર તો કોર્ટમાં દાખલ કરી શકાય છે.

મોટાભાગે ચેક ત્યારે જ રીર્ટન થાય છે જયારો ચેક લખનારના ખાતામાં પુરતુ ભંડોળ ના હોય જયારે ચેક હોલ્ડર ચેક વટાવવા જાય ત્યારે ''અપૂરતા ભંડોળના કારણે બેન્ક ચેક રીર્ટન કરે છે''. જેમાં રીર્ટન મેમામાં બેન્ક ચેક પરત ફરવા અંગેના કારણો જણાવે છે.

ચેક રીર્ટન થયા પછી ૩૦ દિવસની અંદર મેમા રસીદ સાથે જે રકમ લેવાની હોય તેની માંગણી કરતી કાયદેસરની નોટીસ ચેક લખનારને ચેક ધારક મોકલી શકે છે. જેને ''ડિમાન્ડ નોટીસ'' કહેવામાં આવે છે.

ચેક લખનારને નોટીસ મળવાના ૧૫ દિવસમાં પૈસા ચુકવવા જોઈએ. જો ચેક લખનાર નોટીસનો જવાબ આપે અને પૈસા પણ આપે તો કોઈ કાયદેસરની કાર્યવાહી કરવાની રહેતી નથી પરંતુ ચેક લખનાર નોટીસનો ફકત જવાબ જ આપે અને લેણી રકમ ના ચુકવે તો મુદત પુરી થતા જ નજીકની લાગુ પડતી ફોજદારી અદાલતમાં ૩૦ દિવસની અંદર ક્રિમીનલ ફરીયાદ કરી શકાય છે. ચેક લખનાર નોટીસ પછી પણ પૈસા ના ચુકવી આપે તો તેના પાસેથી પૈસા વસુલ કરવા દિવાની દાવો પણ દાખલ કરી વ્યાજ સહ પૈસા પરત મેળવવા દિવાની કોર્ટમાં દાવો દાખલ કરવા ત્રણ વર્ષની મુદતની જોગવાઈ કરવામાં આવેલ છે.

ચેક અંગેનો કાયદો ''ધ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧'' અંગ્રેજોએ બનાવેલ છે. આ કાયદો આજે પણ દેશમાં મોટા પાયે અમલમાં છે. ચેક રીર્ટન થવાના ઘણા બધા કારણો હોય છે જેમાં બધા જ કારણોમાં ગુન્હો લાગુ પડતો નથી કેટલીકવાર બધુ બરાબર હોવા છતાં બેન્કની ભુલનો ભોગ ગ્રાહક બને છે જેમાં બેન્ક સામે ''ગ્રાહક સુરક્ષા કાનુન'' અંતર્ગત પગલા ભરી વળતર મેળવી શકાય છે પરંતુ ભારતમાં આવા પ્રકારના વળતરના કેસો બેન્ક સામે ગ્રાહક ભાગ્યે જ કરે છે.

ચેક રીર્ટન અને બાઉન્સએ દિવાની અને ફોજદારી બન્ને પ્રકારનો અપરાધ છે
ચેક રીર્ટનના કેસમાં કોર્ટમાં ગમે તે સ્ટેજે સમાધાન કરી શકાય છે

જાતથી ઉપર ઉઠવાનું શ્રેષ્ઠ દૃષ્ટાંત જાણ તું, ખુદા તારાથી વેંત દૂર જાણ તું

WhatsApp ઑફ ધી વીક
નેહલ ગઢવી

દૃષ્ટાંત સરળ ને ગહન છે.
છીછરું છે ને ઊંડું છે.
ઉઘાડું છે ને માર્મિક છે.
ઝરણું છે ને સાગર છે.
લહરી છે ને ઝંઝાવાત છે.

દૃષ્ટાંત તો દૃષ્ટાંત જ છે એટલે કોઈને ખોટું લગાડાતું નથી, કોઈને 'તમે આવા છો' અથવા 'તમારે આમ કરવું જોઈએ' એમ કહેતું નથી. સીધો બોધ નથી, ઠપકો નથી, શિખામણ નથી. ખાલી દૃષ્ટાંત છે, વાર્તા છે, કથા છે. દૃષ્ટાંત અરીસો છે. એમાં આપણે સૌ પોતપોતાનું મોં જુએ - અને પછી એણે શણગારે.

મારે શું કરવું ? માણસના હોઠ ઉપર આવનાર એ સૌથી વિકટ પ્રશ્ન છે અને ઘણી વખત આવે છે. યુવાન માણસ અભ્યાસના ક્ષેત્રમાં કે હૃદયના ભાવોમાં વિકલ્પો ઊભા થતાં, સંઘર્ષ થતાં પૂછે છે, મારે શું કરવું ? પ્રૌઢ વ્યક્તિ, જીવનના માર્ગોમાં ફાંટા આવતા આકરા નિર્ણયો લેવાની જરૂર પડતાં પૂછે છે, મારે શું કરવું ? અને જીવનની સંધ્યાએ આવી ઊભેલો વૃદ્ધ માણસ પણ જતાં પહેલાં જીવનને યાદગાર બનાવવા કાંઈક કરવાની ઈચ્છાથી પૂછે છે, મારે શું કરવું?

ઈચ્છા છે, સંકલ્પ છે, નિર્ણય છે. પણ તેનો અમલ કેમ કરવો એ સૂઝતું નથી. કરવાનું તો ઘણું છે, અને અત્યારે કરવું પણ છે, પણ શું ને કેવું ને કેવી રીતે કરવું એ મૂંઝવણ છે. દોરડું છે પણ રસ્તો નથી - અથવા એટલા બધા રસ્તા છે કે કયો લેવો એ સમજાતું નથી. દાન આપવું છે પણ આસપાસ ગરજવાળા એટલા બધા છે કે કોને આપવું એ સમજાતું નથી. ધર્મ પાળવો છે પણ ધર્મશાસ્ત્રમાં એટલી બધી આજ્ઞાઓ છે કે ક્યાંથી શરૂ કરવું એ સમજાતું નથી. અને હોઠ પર એ પ્રશ્ન આવે છે ને પુછાય છે - કોઈ વાર સાચા દિલથી, કોઈ વાર ઉગાસીનતાથી, તો કોઈ વાર કશું ન કર્યાના બહાનાના ભાવથી : મારે શું કરવું ?

એક વાર એક પંડિતે ઈસુ ભગવાનને એ જ પ્રશ્ન પૂછેલો. ટોળું જામ્યું હતું ને બોધ ને પ્રશ્નોને પ્રશ્નોનું સમાધાન ચાલતું હતું. ત્યારે એક શાસ્ત્રીએ વચ્ચે એક પ્રશ્ન કર્યો, પોતે એક સારો પ્રશ્ન પૂછ્યો છે એ બીજાઓની આગળ સિદ્ધ કરવા, ઈશુની પરીક્ષા કરવા (કારણ કે એ લોકોના શાસ્ત્રમાં અસંખ્ય આજ્ઞાઓ હતી, અને એમાંથી કઈ મોટી ને કઈ નાની, કઈ પહેલી ને કઈ છેલ્લી એવા શાસ્ત્રાર્થ પંડિતોની વચ્ચે ચાલતા) કે કદાચ પોતાની સાચી મૂંઝવણ ટાળવા એણે પ્રશ્ન પૂછ્યો, 'ગુરુદેવ મુક્તિ પામવા માટે મારે શું કરવું ?'

ઈસુએ પ્રશ્નનો જવાબ પ્રશ્નથી આપ્યો : 'તુ ધર્મશાસ્ત્રનો પંડિત છે. તું પોતે કહે છે કે શાસ્ત્રમાં શું લખેલું છે અને તું એનો અર્થ શું ઘટાવે છે ?'

પંડિતે જવાબ આપ્યો, 'શાસ્ત્રમાં આમ લખેલું છે : તું તારા પ્રભુ પરમેશ્વર ઉપર તારા પૂરા હૃદયથી, તારા પૂરા જીવથી, તારી પૂરી શક્તિથી અને તારા પૂરા મનથી પ્રેમ કરજે, અને તારા માનવબંધુ ઉપર તારી જાત જેટલો પ્રેમ રાખજે.'

ઈસુએ તેને કહ્યું, 'તારો જવાબ સાચો છે, એ પ્રમાણે કર એટલે તને શાશ્વત જીવન પ્રાપ્ત થશે.'

પણ પોતાનો પ્રશ્ન ઉચિત છે, એમાં હજી મર્મ રહેલો છે એમ બતાવવા ઈચ્છતો હોઈ તેણે ઈસુને કહ્યું, 'પણ મારો બંધુ કોણ?'

●●●

અને ઈસુએ દૃષ્ટાંત શરૂ કર્યું.

●●●

'એક માણસ એક શહેરની બીજે શહેર જતો હતો. એવામાં એ લૂંટારુઓના હાથમાં સપડાયો. તે લોકોએ તેનાં કપડાં ઉતારી લીધાં અને સારી પેઠે માર પર માર્યો, અને તેને અધમૂઓ મૂકીને પોતે ચાલતા થયા. હવે એવું બન્યું કે, એક પુરોહિત તે રસ્તે થઈને નીકળ્યો. પણ પેલાને જોઈને બીજી બાજુ થઈને ચાલ્યો ગયો. એ જ રીતે એક પંડિત પણ ત્યાં આવ્યો, અને તે પણ તેને જોઈને બીજી બાજુથી ચાલ્યો ગયો. પણ દૂર બીજા પ્રાંતથી આવનાર એક મુસાફર કરતો કરતો તે ઠેકાણે આવી પહોંચ્યો અને પેલા માણસને જોઈને તેના દિલમાં દયા પ્રગટી. તેણે તેની પાસે જઈ તેના ઘા ઉપર તેલ અને દ્રાક્ષાસવ રેડીને પાટા બાંધ્યા અને પોતાના જાનવર ઉપર બેસાડીને તે તેને એક સરાઈમાં લઈ આવ્યો અને ત્યાં તેની સંભાળ લીધી. ઉપરાંત, બીજે દિવસે બે રૂપામહોર કાઢીને તેણે સરાઈવાળાને આપી અને કહ્યું, 'તમે એની સંભાળ રાખજો, અને તમે જે કંઈ વધારાનું ખર્ચ કરશો તે હું વળતા તમને આપી દઈશ.' હવે આ ત્રણમાંથી કોણ પેલા લૂંટારુના હાથમાં સપડાયેલા માણસનો બંધુ કહેવાય ? તું શું ધારે છે ?

પંડિતે જવાબ આપ્યો, 'જેણે તેના ઉપર દયા લાવીને સેવા કરી તે.'

ત્યારે ઈસુએ તેને કહ્યું, 'તો જો, તું પણ એ પ્રમાણે કરજે.'

●●●

બંધુઓ તો બધા જ છે, પણ બંધુઓ બધું જ સિદ્ધ થવું એ જ કસોટી છે. પોતાને શું કરવું જોઈતું હતું એ પંડિત બરાબર જાણતો હતો, પણ એને ખોટું લગાડ્યા વગર, એની લાગણીને સહેજ પણ દુભાવ્યા વગર, બીજાઓની આગળ એને ભોંઠો પાડ્યા વગર ઈસુએ એને પોતાના દોષનું ભાન કરાવ્યું, પોતાની ફરજની યાદ દેવરાવી, 'શાસ્ત્રમાં શું લખેલું છે ?' તું એનો શો અર્થ કરે છે? સાચો બંધુ કોણ કહેવાય ? તું શું ધારે છે ? - તો જા, ને તું પણ એ પ્રમાણે કર.' એની પાસેથી જ પ્રશ્નોના જવાબ કઢાવે છે જેથી બીજાઓની આગળ એની આબરૂ સચવાય અને એને પર વધારે ઊંડી સમજ પડે. પંડિતને શાસ્ત્રનો અભ્યાસ હતો, જીવનનો અનુભવ હતો, પોતે બીજાઓને સલાહ આપી શકે એવો હતો, પોતે બીજાઓની સાથે શાસ્ત્રાર્થમાં ઊતરી શકે એવો હતો. ફક્ત પોતાનો જ પ્રશ્ન એ બરાબર જોઈ શકતો ન હતો, જોવા તૈયાર ન હતો.

આપણને પણ જીવનનો ઠીકઠાક અનુભવ છે, જ્ઞાન પણ છે. આપણે શું કરવું જોઈએ એ આપણે જાણીએ છીએ અને આપણા એ સંજોગોમાં બીજા કોઈ હોય તો એને યોગ્ય માર્ગદર્શન પણ આપી શકીએ છીએ. હોઠ ઉપર 'મારે શું કરવું?' એ પ્રશ્ન હોય ત્યારે પણ હૃદય ધીરેથી એનો જવાબ આપી રહ્યું હોય છે. મારો બંધુ કોણ ? એ કોઈ ટોળાની વચ્ચે પૂછીએ ત્યારે મન જાણે છે કે ટોળાના અને આપણી ઓળખાણના અને આખી દુનિયાના બધા માણસો આપણા બંધુઓ હોય છે અને આપણે એ બધાના સાચા બંધુ સિદ્ધ થઈને એ આપણી જવાબદારી છે.

પણ હવે જવાબ આપણી પાસે કઢાવ્યો છે, દિલમાં હતું તે જાહેર કરાવ્યું છે એટલે હવે છૂટકો ન થાય, બહાનું ન ચાલે, વિલંબ ન પરવડે. અને જવાબ પણ કેવો સરળ છે! પ્રેમ કરો. ઈશ્વર ઉપર અને માણસ ઉપર. એમાં ઈશ્વર ઉપર પ્રેમ કરવાની રીત માણસ ઉપર પ્રેમ કરવાની જ છે. માણસ ઉપર પ્રેમ કરવાની રીત તેની સેવા કરવાની છે. ઘા ઉપર તેલ રેડ્યું એટલે ભગવાનની આરતી ઉતારી. સરાઈવાળાને બે રૂપામહોર આપી એટલે યાત્રાનાં પુણ્ય મેળવ્યાં. સંભાળ લીધી એટલે પૂજા કરી. સેવા ભક્તિ. સહાય, દયા, પૂજા. સાધનાનાં સોપાન. વિકાસની દિશા. મુક્તિનો માર્ગ.

●●●

આ દૃષ્ટાંતનો ડંખ પાત્રોની પસંદગીમાં છે. પુરોહિત આવ્યો ને ગયો. એ ધર્મનો માણસ હતો. પણ ધર્મનો સાચો અર્થ (સેવા - પ્રેમ - મદદ) એ સમજ્યો ન હતો. કદાચ તે મંદિરમાં પૂજા કરતા જતો હતો એટલે ઉતાવળમાં હતો. ધર્મના કાર્યમાં વિલંબ થવા દેવો ન જોઈએને ! હા, પણ ધર્મનું કાર્ય કયું એ પ્રથમ નકકી કરી દેવું જોઈએ - પુરોહિતે પણ. લૂંટારુંઓનો માર ખાઈને રસ્તા પર અધમૂઆ પડેલા અભાગી વટેમાર્ગુને છોડીને કર્મકાંડના પાઠ ઘૂંટવા જવું એ ધર્મ નહિ, અધર્મ છે. એ પૂજાપાઠથી ઈશ્વર પ્રસન્ન ન થાય. કહેવાતા ધર્મના માણસોને હાથે

અનુસંધાન પાના નં ૭ પર

શિવરંજનીએ પ્રસ્તુત કર્યુ 'તાજગીના સૂરનું ઊઘડતું આકાશ'

તાજેતરમાં શિવરંજની સંસ્થા દ્વારા 'તાજગીના સૂરનું ઊઘડતું આકાશ ' કાર્યક્રમ યોજાયો. માત્ર સંગીતના કાર્યક્રમો અને એમાંય મુખ્યત્વે ગુજરાતી સંગીતના કાર્યક્રમોને પ્રાધાન્ય એ સંસ્થાની નેમ છે. ભૂતકાળમાં સંસ્થા દ્વારા અનેકવાર સંગીતના પ્રયોગાત્મક કાર્યક્રમોનું આયોજન પણ કરાયું છે.

હાલમાં આ યોજાયેલ કાર્યક્રમ પણ એક સફળ પ્રયોગ કહી શકાય. શ્રી પ્રહર વોરાના નેતૃત્વમાં આવેલ ગાયક વૃંદના કલાકારો ઓછા પરિચિત છતાં સુંદર ગાયકી અને તાજગી સભર જણાયા. જાણીતા-માનીતા ગીતો, નવોદિત યુવા કલાકારોના કંઠે પ્રસ્તુત થયા. આમ કાર્યક્રમ ' તાજગીના સૂરનું ઊઘડતું આકાશ ' ની તાજગી સહુએ માણી અને વખાણી. કાર્યક્રમ દરમ્યાન પ્રહર વોરાના કંઠે ગવાયેલ ' સ્વર પ્રહર' ગીતોનો રસથાળ CD સ્વરૂપે ઉદઘાટિત કરવામાં આવ્યો.

કાર્યક્રમની શરૂઆતમાં ખૂબ જાણીતી રચના માડી તારું કંકુ ખર્યું ને સૂરજ ઊગ્યો મા જગદંબાની આરાધના રૂપે પ્રસ્તુત થઈ. ત્યાર બાદ નિર્વેશ દવે, જે ટીવી પર પ્રસ્તુત થતા મ્યુઝીકના લાઈવ શોમાં પણ સૌના ધ્યાન આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો, એવા યુવા કલાકાર નિર્વેશ દવે દ્વારા ગીત પ્રસ્તુત થયું. 'હળવે મંદિરનાં બારણાં ઊઘાડો, આવી નોરતાંની રાત ' અવિનાશ વ્યાસ રચિત અને મૂળભૂત રીતે પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરમાં ગવાયેલ આ ગીતની પ્રસ્તુતિને પ્રેક્ષકોનો સારો પ્રતિસાદ સાંપડ્યો. ત્યારબાદ નીનુ મજમુદાર દ્વારા સ્વરાંકિત થયેલ સુંદર-ઝમકદાર ગીત ' મેં તો રંગ્યો હતો એને દિલડાને રંગ ' ની પ્રસ્તુતિ ડો. સાવનીના તાજગી સભર સ્વરમાં થઈ. અન્ય નવોદિત ગાયક કલાકાર ધ્યેય વચ્છરાજાની એ મૂળ પુરુષોત્તમ ઉપાધ્યાયના સ્વરમાં ગવાયેલું ગીત ' તારો છેડલો તું માથે રાખને જરા...ચૈત્ર-વૈશાખના વાયરા ' એ પ્રેક્ષકોની વાહવાઈ મેળવી હતી.

સુરેશ દલાલની રચના જેનું સ્વરાંકન ક્ષેમુ દિવેટીયા દ્વારા થયું

છે એવી રચના ' નજર્યું નાં કાંટાની ભૂલ મારા વાલમા ' ધ્યુતિ વચ્છરાજાનીના મધુર કંઠે રજૂ થયું હતું. ત્યારબાદ નિર્વેશ દવે અને ધ્યેય વચ્છરાજાની દ્વારા ' નયનને બંધ રાખીને મેં...' '' શાંત ઝરૂખે વાટ નીખરતી...'' પ્રસ્તુત થાય, આ બંને ગીત મનહર ઉધાસજી દ્વારા ખૂબ ખ્યાતિ પામ્યા છે. જેને પ્રેક્ષકોએ સરાહ્યા. મૂળભૂત રીતે જનાર્દન અને હર્ષિદા રાવલના સ્વરમાં પ્રચલિત થયેલું ગીત ' કેવા રે મળેલા મનના મેળ...' ની પ્રસ્તુતિ પ્રહર વોરા અને ડો. સાવની દ્વારા કરવામાં આવી હતી. શ્રી બાલમુકુંદ દવેની રચના અને ક્ષેમુ દિવેટીયાનું સ્વરાંકન ધરાવતી આ રચના કાર્યક્રમનું જમા પાસું બની રહી હતી. ખૂબ જાણીતું-મઝાનું ગીત ' ઓરી આવે તો તને વાત કહું ખાનગી...' નિર્વેશ દવે દ્વારા કરવામાં આવી. અવિનાશ વ્યાસ દ્વારા લિખિત અને રચિત આ ગીતે પ્રેક્ષકોની સારી દાદ મેળવી હતી.

ગાયકવૃંદ દ્વારા સુંદર લોકગીતોની રમઝટ પ્રસ્તુત થઈ જેમાં મહેંદી તે વાવી...સાવની શાહ અને ધ્યુતિ વચ્છરાજાની દ્વારા પ્રસ્તુત થયું. નિર્વેશ દવે દ્વારા ' હે તને જાતાં જોઈ પનઘટની વાટે...' ધ્યુતિ વચ્છરાજાનીના સુંદર અવાજમાં ' તારી વાંકી રે પાઘલડીનું ફૂમતું રે ' પ્રસ્તુત થયું હતું. ધ્યેય વચ્છરાજાનીના દ્વારા મેડલી પ્ર